**બહુહેતુક બેરેજમાં હવે પીવાના પાણી ઉપરાંત સિંચાઇનો હેતુ પણ ઉમેરાયો**

# સુરત ચોર્યાસી-ઓલપાડનાં 25 ગામને સિંચાઇનું પાણી આપશે

**બહુહેતુક** બેરેજમાં હવે રાજ્ય સરકારની ગ્રાન્ટની મદદથી ‘ગેમચેન્જર’ બદલાવ કરાયો

### ચોર્યાસી-ઓલપાડનાં 25 ગામો માટે રાજ્ય સરકાર લિફ્ટ ઇરિગેશન યોજનાને ગ્રાંટ આપશે

કન્વેન્શનલ બેરેજનો સૌથી મોટો ફાયદો હવે સીધો ખેતીવાડી વિસ્તારોને મળશે. રાજ્યના જળ સંપત્તિ વિભાગે ચોર્યાસી અને ઓલપાડ વિસ્તારના 25 ગામો–દામકા, લવાછા, પિંજરત, મોરા, સુવાલી, ભાંડુત સહિતના ગામો માટે ‘તાપી બેરેજ આધારિત લિફ્ટ ઇરીગેશન યોજના’ મંજૂર કરી છે. આ યોજનાથી 2365 હેક્ટર વિસ્તારમાં ખરીફ-રવિ મોસમમાં ડાંગર, બાજરી, જુવાર, શાકભાજીના પાકોને સિંચાઇ મળી શકશે. ઉકાઈ-કાકરાપાર સિસ્ટમથી વર્ષોથી વંચિત રહી ગયેલા છેવાડાના ગામોને હવે કન્વેન્શનલ બેરેજના પાણીથી સિંચાઇનો સીધો અને સ્થાયી લાભ મળશે. એકંદરે, બેરેજમાં સિંચાઇનો હેતુ ઉમેરાતા સુરતનો આ પ્રોજેક્ટ હવે માત્ર શહેર માટે નહીં, પરંતુ ગ્રામ્ય વિસ્તારો માટે પણ જીવનરેખા બનશે.

સુરત : સુરતના મહત્વકાંક્ષી એવા રૂંઢ-ભાઠા કન્વેન્શનલ બેરેજમાં હવે માત્ર પીવાના પાણી માટે નહીં, સીંચાઇ નો હેતુ ‘ગેમચેન્જર’ હેતુ પણ સમાવીષ્ટ કરાયો છે. રાજય સરકારની 25% ગ્રાન્ટ સામે પ્રોજેક્ટની ડિઝાઇનમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જેના માટે જરૂરી ‘ડબલ વોલ શીટ પાઇલ’ આધારિત લોંખડનો કોફર ડેમ બનાવવામાં આવના ફેરફારને આજે શાસકોએ મંજુરી આપી છે. જો કે આ ફેરફારથી બેરેજની પ્રોજેક્ટ કોસ્ટમાં મોટો વધારો થનાર છે.

રૂંઢ અને ભાઠાને જોડતા સુચિત કન્વેન્શનલ બેરેજમાં હવે ‘સીંચાઇ’નો હેતુ સત્તાવાર રીતે ઉમેરાતા પ્રોજેક્ટનો વ્યાપ અને મહત્વ બંને વધી ગયા છે. રાજય સરકારે સીંચાઇનો હેતુ જોડવાની શરતે પ્રોજેક્ટને 25 ટકા ગ્રાન્ટ આપવા તૈયારી દર્શાવતા મનપાએ બેરેજની મૂળ ડિઝાઇનમાં મોટો ટેક્નિકલ ફેરફાર કર્યો છે. મુળ આયોજન મુજબ માટીના પાળાનો કોફર ડેમ બનાવવાનો હતો, પરંતુ હવે સ્ટ્રક્ચરની સલામતી અને લાંબા ગાળાના ઉપયોગને ધ્યાનમાં રાખીને ‘ડબલ વોલ શીટ પાઇલ’ આધારિત લોંખડનો કોફર ડેમ બનાવવામાં આવશે. આ ફેરફારના કારણે અંદાજીત ખર્ચ 23.46 કરોડથી વધીને 180 કરોડ સુધી પહોંચ્યો છે.

વધારાના ખર્ચ અંગેની દરખાસ્તને સ્થાયી સમિતિએ મંજુરી આપી દીધી છે. સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું કે કન્વેન્શનલ બેરેજ દેશના શહેર સ્તરે ભૂગર્ભ જળ સંચયનો સૌથી મોટો પ્રોજેક્ટ બનશે.

### ખારાશ અટકાવવા, ભૂગર્ભ જળસ્તર સુધારણા અને વોટર સ્પોર્ટસ માટે બેરેજ મહત્વનો : રાજન પટેલ

સુરત મહાનગર પાલિકાના રૂંઢ-ભાઠા કન્વેન્શનલ બેરેજ પ્રોજેક્ટમાં મહત્વનો ટેક્નિકલ ફેરફાર કરાયો છે. સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું કે ચોમાસા દરમ્યાન ઉકાઇ ડેમમાંથી ભારે પ્રમાણમાં પાણી છોડાતા તાપી નદીમાં સતત જબરદસ્ત પાણીપ્રવાહ રહે છે. માત્ર આ વર્ષે જ 146 દિવસ સુધી વીયર વાહનવ્યવહાર માટે બંધ રાખવો પડ્યો હતો, જેના કારણે અંદાજે 10 વર્ષ જેટલું પીવાનું પાણી દરિયામાં વહાઈ ગયું હતું. કેટલાક પ્રસંગોમાં ઉકાઇમાંથી ડિસ્ચાર્જ વધતા નદીકાંઠાના વિસ્તારોમાં પણ પાણી ઘુસી જાય છે. આવી સ્થિતિમાં મૂળ મંજૂર માટીના પાળાનો કોફર ડેમ ચોમાસાના ઊંચા પ્રવાહ સામે ટકી નહીં શકે તેવું સ્પષ્ટ થયું. તેથી સરદાર સરોવર નિગમ અને સેન્ટ્રલ વોટર કમિશન દ્વારા મંજૂર કરાયેલ ‘ડબલ વોલ શીટ પાઇલ કોફર ડેમ’ બનાવીને જ પ્રોજેક્ટ આગળ વધારવાની અનિવાર્યતા ઊભી થઇ.વિયરકમ કોઝવેથી રૂંઢ સુધી 10 કિમી સુધી મીઠા પાણીનું સરોવર ઊભું થશે, જેમાં 18.73 મિલિયન ક્યુબિક મીટર પાણી સંગ્રહાશે. આ પાણી હવે સુરત શહેરના પીવા ઉપરાંત આસપાસના ગામોની સિંચાઇ જરૂરીયાતો પણ પૂરી કરશે. બેરેજ કાર્યરત થયા બાદ અઠવા, ડુમસ, રાંદેર, પાલ, અડાજણ, ઉધના, લિંબાયત સહિતના ઝોનની વર્ષો જૂની પાણી સમસ્યા દૂર થશેજેવી. રિક્રીએશનલ સુવિધાઓ સાથે શહેરનું પર્યાવરણ-સૌંદર્ય પણ વધશે.

**ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનો છબરડો**

# ધૂળેટીના દિવસે બોર્ડની પરીક્ષા રાખી દીધી

**ધોરણ-10** અને 12 બોર્ડની પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરવો પડ્યો

**4 માર્ચે** યોજાનારી તમામ પરીક્ષા હવે 18 માર્ચે યોજાશે




ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર ધોરણ 10 અને 12ની પરીક્ષાનો કાર્યક્રમ 8 નવેમ્બરના રોજ જાહેર કરવામાં આવ્યો હતો, પરંતુ રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી જાહેર રજાઓના લિસ્ટમાં ધુળેટીની રજા 4 માર્ચ-26ના રોજ જાહેર કરી હોવાથી પરીક્ષાના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ધોરણ 10ની પરીક્ષામાં અગાઉ જાહેર કરેલા કાર્યક્રમમાં 4થી માર્ચના રોજ સામાજિક વિજ્ઞાનની પરીક્ષા લેવાનાર હતી તે હવે 18 માર્ચના રોજ યોજાશે. ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં 4થી માર્ચના રોજ લેવાના પરીક્ષા હવે 18 માર્ચના રોજ લેવામાં આવશે. જ્યારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા 4થી માર્ચના રોજ બપોરે 3 થી 6.30 જીવવિજ્ઞાનનું પ્રશ્નપત્ર હતું તે, હવે 16 માર્ચના રોજ લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે શૈક્ષણિક વર્ષ શરુ થાય ત્યારે જ શૈક્ષણિક કેલેન્ડર પણ આવી જતું હોય છે તેમાં તમામ જાહેર રજાની માહિતી હોય છે તેમ છતાં આવા છબરડાં થાય છે. જેના કારણે ગુજરાત માધ્યમિક બોર્ડની છબી વારંવાર ખરાબ થાય છે.

# નકલી જેલરને છેવટે પોલીસે અસલી જેલમાં ધકેલી દીધો

**રાજેશ** ત્રિવેદી જેલરનો રોફ બતાવી કેદીઓના સગાઓ પાસે VIP સુવિધા, ત્રાસ નહીં આપવા બાબતે ખંડણી વસૂલતો હતો

**અનેક** ફરિયાદો બાદ સચિન પોલીસે પાસા હેઠળ અટકાયત કરી જેલભેગો કરી દીધો

સુરતઃ નકલી જેલર બની આરોપીઓના પરિવારજનોને VIP સુવિધાનો લોભ અને ધમકી આપીને રૂપિયા પડાવનારા ભેજાબાજ રાજેશ નરેન્દ્ર ત્રિવેદીને સચિન પોલીસે પાસા હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલમાં મોકલ્યો છે.

સુરત જેવા મોટા શહેરમાં છેતરપિંડીના અવનવા કિસ્સાઓ સામે આવતા રહે છે. પરંતુ આ વખતે એક એવો ભેજાબાજ સપાટો મારી રહ્યો હતો, જેણે સીધા જેલમાં બંધ આરોપીઓનાં સગાંને નિશાન બનાવી VIP સુવિધાની લાલચ આપી ખંડણી વસુલવાનું રેકેટ ઊભું કર્યું હતું. આરોપી રાજેશ નરેન્દ્ર ત્રિવેદી પોતાને લાજપોર જેલનો જેલર તરીકે રજૂ કરી લોકો સાથે છેતરપિંડી કરતો હતો. અડાજણના બ્લેકમેલિંગ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓના સગાંને તેણે ધમકાવતાં કહ્યું હતું કે જેલમાં VIP સુવિધા જોઈતી હોય તો તરત જ 15 હજાર રૂપિયા આપવા પડશે, નહીં તો અંદર આરોપીને માર મારી ત્રાસ આપવામાં આવશે.

રાજેશ ત્રિવેદીના કૃત્યો સામે મહિધરપુરા, સચિન, સારોલી અને લસકાણા પોલીસ મથકોમાં એક પછી એક છેતરપિંડી તથા ખંડણીની ફરિયાદો નોંધાઈ. કેટલાક ભયભીત સગાએ તો 15 હજારની માંગણી પૂરી પણ કરી હતી. લાજપોર જેલના વાસ્તવિક જેલરે આ આખી છેતરપિંડીનો પર્દાફાશ કરતાં સચિન પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ તપાસ ઝડપથી આગળ ધપાવવામાં આવી. પહેલા આ આરોપીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો હતો. ત્યારબાદ સચિન પોલીસે તેનો કબજો મેળવી વધુ પૂછપરછ હાથ ધરી હતી. આરોપી રાજેશ અગાઉ પણ પોલીસ અધિકારી, મહેસૂલ અધિકારી, ફૂડ સેફટી ઓફિસર વગેરે ખોટી ઓળખાણથી લોકો પાસેથી રૂપિયા પડાવી ચૂક્યો હતો. જામીન પર છૂટ્યા બાદ ફરી ગુનાહિત પ્રવૃત્તિ ન કરે તે માટે સચિન પોલીસે કડક વલણ અપનાવી તેના વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવાની ભલામણ કરી હતી. મંજૂરી મળતાં જ તેને સીધો અમદાવાદ મધ્યસ્થ જેલમાં રવાના કરવામાં આવ્યો છે. આમ, નકલી જેલરનો ખેલ પૂરો થઈ ગયો છે અને હવે તે પોતાની જ બનાવેલી જેલકથાની નહીં, વાસ્તવિક જેલ ભોગવશે.

**હીરાના કારખાના મેનેજરઃ કહેતા ભી દિવાના સુનતા ભી દિવાના**

# આધેડ 2.69 લાખની રોકડ સાથેની બાઈક ભૂલીને ઘરે જતા રહ્યા

**પોલીસને** કહ્યું રોકડ દીકરાની ફી ભરવાની હતી, ચક્કર આવ્યા તો બાઈક મૂકી દવા લેવા ગયો

સુરતઃ રાંદેર રામનગર ચાર રસ્તા પાસે એક અજીબોગરીબ ઘટના સામે આવી એક બિનવારસી બાઇકમાંથી 2.69 લાખ રોકડા, ચાર જોડી કપડા અને એક નાની દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે 36 કલાકની જહેમત બાદ માલિકને શોધી બાઇક અને રોકડ પરત આપી હતી.

રાંદેર રામનગર વિસ્તારમાં એક પાન સેન્ટરની બહાર લાંબા સમયથી એક બાઈક પડી હતી. દુકાનદારને શંકા જતા તેણે સાવચેતીના ભાગરૂપે પોતાના મોબાઈલમાં વિડીયો ઉતારવાનું શરૂ કર્યું અને બાઈકની તલાશી લીધી. બાઈક પર લટકાવેલા એક થેલામાંથી રોકડા રૂપિયા 2.69 લાખ, ચાર જોડી કપડાં, દારૂની એક નાની બોટલ મળી આવ્યા હતા. આટલી મોટી રકમ અને દારૂની બોટલ જોઈને દુકાનદારે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

જો કે, સૌથી મોટો સવાલ એ હતો કે લાખો રૂપિયા ભરેલા થેલા સાથેની બાઈક મૂકીને માલિક ગયો ક્યાં? રાંદેર પોલીસે 36 કલાકની જહેમત બાદ કતારગામ પોલીસનો સંપર્ક કરી બાઈક માલિકને શોધી કાઢ્યા હતા.

બાઈક દક્ષેશકુમાર અરવિંદભાઈ પટેલ (ઉંમર 46)ની હતી જે 53, પંચદેવ સોસાયટી, આંબા તલાવડી, કતારગામમાં રહે છે અને હીરાના કારખાનામાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. પોલીસ સ્ટેશને પહોંચેલા દક્ષેશભાઈએ આપવીતી જણાવતા કહ્યું કે, તેઓ જહાંગીરપુરા ખાતે રહેતા મિત્રના ઘરેથી પરત ફરી રહ્યા હતા. તેમની પાસે રહેલા 2.69 લાખ રૂપિયા તેમના દીકરાની ફી ભરવા માટે હતા.

દક્ષેશભાઈને રામનગર ચાર રસ્તા પાસે અચાનક જ જબરદસ્ત ચક્કર આવ્યા, જેથી તે મેડિકલ સ્ટોર શોધવા લાગ્યા હતા. મેડિકલ સ્ટોર તો મળી ગયો, પણ ત્યાં દવાની લ્હાયમાં તે તેમનું બાઈક અને તેમાં રહેલા લાખો રૂપિયા ત્યાં જ ભૂલી ગયા અને ઘરે જતા રહ્યા હતા. તેમની સાથે ચાર જોડી કપડાં પણ થેલામાં મુકેલા હતા. પોલીસે રોકડ અને બાઈક દક્ષેશભાઈને પરત આપ્યા હતા.

**6 લાખના ડોલર પણ મળી આવ્યા**

# સુરત-બેંગકોક ફ્લાઈટમાંથી 43 લાખના ડાયમંડ પકડાયા

**“પોલિશ્ડ** ડાયમંડ બેંગકોકમાં કોને આપવાના હતા?” તપાસનો ધમધમાટ

સુરતઃ સુરત એરપોર્ટ પર ગત મોડી રાત્રે કસ્ટમ વિભાગે સફળ ઓપરેશન ચલાવી બેંગકોક જતી ફ્લાઈટમાંથી 43 લાખના પોલિશ્ડ ડાયમંડ અને 6 લાખના યુએસ ડોલર જપ્ત કર્યા હતા. મળી આવેલી પૂર્વ જાણકારીના આધારે અધિકારીઓએ ખાસ ફિલ્ડિંગ ગોઠવી હતી. ઈનપુટ મુજબ એક વ્યક્તિ ડાયમંડ લઈને બેંગકોક જવાની તૈયારીમાં હતો, જેના ફોટા પહેલાંથી જ કસ્ટમ પાસે હતા.

બંને શંકાસ્પદ યુવાનોને ઈમિગ્રેશન સુધી આવવા દેવામાં આવ્યા અને કાર્યવાહી પૂર્ણ થતાં જ અટકાયત કરવામાં આવી હતી. એક યુવાનનું નામ તુષાર હોવાનું સામે આવ્યું, પરંતુ તેની પાસે કંઈ મળ્યું ન હોવાથી તેને મુક્ત કરવામાં આવ્યો હતો. જ્યારે બીજા યુવાન ગૌરવના સામાનની તપાસ દરમિયાન પોલિશ્ડ ડાયમંડ અને ડોલર મળી આવતાં તરત જ જપ્તી કરવામાં આવી હતી. તેનું સ્ટેટમેન્ટ લઈને તેને રવાના કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર પ્રકરણમાં સૌથી મોટો સવાલ એ છે કે આ પોલિશ્ડ ડાયમંડ બેંગકોકમાં કોને આપવાના હતા? સૂત્રો કહે છે કે જપ્ત થયેલો જથ્થો મોટો નથી, પરંતુ મોડસ ઓપરેન્ડી નવી છે. શું ડાયમંડ આપીને તેના બદલે રોકડ લેવાનો હતો? કે પછી કોઈ હવાલા પ્રકારની ડીલ ગોઠવાઈ રહી હતી? કસ્ટમ વિભાગ આ દિશાઓમાં તપાસ તેજ કરી રહ્યો છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### આગામી દિવસોમાં...

હતા. વન અધિકારીઓ મુજબ, આશરે ચારથી પાંચ વર્ષનો આ નર વાઘ સ્વસ્થ અને સક્રિય છે. તે મધ્યપ્રદેશની દિશાથી પ્રાકૃતિક રીતે ગુજરાતમાં પ્રવેશ્યો હોય તેવો અંદાજ છે. દક્ષિણ ગુજરાતમાં વ્યારામાં પણ જે તે સમયે મધ્યપ્રદેશની બોર્ડર થઈને જ આવ્યો હોવાનું અનુમાન હતું. વનસંરક્ષક પુનિત નૈયરના જણાવ્યા મુજબ પાછલા વર્ષોમાં વ્યારા અને સોનગઢને અડીને પથરાયેલા જંગલોમાં વાઘના પંજા મળ્યા હતા. તેના કોઈ વધારે પુરાવા નથી. પરંતુ રતનમહાલમાં આ કન્ફર્મ થયું છે. સારી વાત એ છે કે ભવિષ્યમાં ફરી દક્ષિણ ગુજરાતના જંગલોમાં વાઘ ફરતા જોવા મળી શકે છે.

### સુરત એરપોર્ટથી...

ઈન્ડીગો એરલાઈન્સની તમામ ફ્લાઈટ્સ કેન્સલ થઈ જતા સુરત એરપોર્ટ પર અટવાયેલા મુસાફરોએ ભારે ધમાચકડી મચાવી હતી.

ઈન્ડીગો એરલાઈન્સને કારણે સુરત એરપોર્ટ પર આજે ભીડભાડ અને ધાંધલીના અભૂતપૂર્વ દ્રશ્યો જોવા મળ્યા હતા. વહેલી સવારે હૈદરાબાદથી સુરત આવનારી ફ્લાઈટ કેન્સલ થઈ અને એ પછી દર કલાકે સુરત એરપોર્ટ પરથી ઈન્ડીગોની એક ફ્લાઈટનું આગમન અને એરાઈવલ શિડ્યુલ્ડ હતું એ પણ ખોરવાઈ જવા પામ્યું હતું. મળતી માહિતી મુજબ સાંજે છ વાગ્યા સુધીમાં તો સુરત એરપોર્ટને સાંકળતી ઈન્ડીગો એરલાઈન્સની સાત જેટલી ફ્લાઈટ્સ કેન્સલ થઈ જતા સેંકડો મુસાફરોનો જમાવડો અને ભીડભાડના દ્રશ્યો સુરત એરપોર્ટ પર સર્જાયા હતા.

### ઇન્ડીગોને ટ્રોલ...

થતાં તેમની કનેક્ટીંગ ફ્લાઇટ્સ, ટ્રેન તેમજ અન્ય વ્યવસ્થા તંત્ર ચૂકી જવાયા છે જેને કારણે તેમને ભારે આર્થિક નુકસાન વેઠવું પડશે.

### ફીડિંગ સ્પોટ્સ...

માટે તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડવી પડી હતી. થોડા દિવસો પહેલાં ભાઠેના વિસ્તારમાં 6 વર્ષના એક બાળક પર પણ બે શ્વાન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેને 20થી વધુ ઈજાઓ થઈ હતી. નવેમ્બર મહિનાની 23મી તારીખે સચિન વિસ્તારમાં પણ કૂતરાઓના ઝુંડે એક બાળક પર હુમલો કરી તેને ગંભીર ઈજા પહોંચાડી હતી. આવી સતત બનતી ઘટનાઓને કારણે રખડતા શ્વાનોનો મુદ્દો ફરી ચર્ચામાં છે અને નાગરિકોમાં રોષ વ્યાપી રહ્યો છે. જો કે કૂતરાઓનો ત્રાસ નાથવાના બદલે સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ડોગ ફીડીંગ સ્પોટ બનાવવામાં આવી રહ્યા છે.

સુરત શહેરમાં રખડતા શ્વાનોનો આતંક સતત વધી રહ્યો છે. લોકોમાં પહેલેથી જ ભયનો માહોલ હોય ત્યારે રખડતા શ્વાનો પર નિયંત્રણ લાવવા મનપા દ્વારા કાર્યવાહી કરવાના બદલે કૂતરાઓની સંખ્યા વધારવા પર વધુ ફોકસ કરવામાં આવતું હોય તેવી પ્રતિતી થઈ રહી છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં ‘ડોગ ફીડિંગ સ્પોટ’ બનાવીને રખડતા શ્વાનોને એક જગ્યાએ ભેગા કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ ફીડિંગ સ્પોટ રહેણાંક વિસ્તારો અને જાહેર સ્થળોની નજીક હોવાથી ત્યાંથી પસાર થતાં નાગરિકોને જોખમ ઊભું થાય તેવી ચિંતા વ્યક્ત થઈ રહી છે. શ્વાનોને જો સમયસર અથવા નિયમિત ખોરાક ન મળે તો તેઓ હિંસક બની શકે છે અને આસપાસના લોકોને નુકસાન પહોંચાડી શકે છે તેવો ભય પણ રહેવાસીઓમાં ફેલાયો છે.

### પરવતગામમાં...

આ સ્થળે સ્પોટ બનાવવા માટે મનાઈ કરી હોવા છતાં મનપાએ સ્પોટ બનાવી દીધો છે, જે હવે બાળકો માટે ખતરારૂપ બની શકે છે.

### કુતરાઓની સંખ્યા...

પરંતુ હાલમાં 80 હજાર કુતરાઓ હોવાનો અંદાજ છે. ત્યારે ખરેખર શુ રંધાઇ રહયું છે તેની તપાસ થવી જોઇએ.

### DEOએ કૂતરા...

શાળાઓમાં વિદ્યાર્થીઓની સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મૂકાયો હતો. આ અનુસંધાને રાજ્યના મુખ્ય સચિવની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રાણીઓના કરડવાના કિસ્સામાં તાત્કાલિક સારવાર, રિપોર્ટિંગ અને જાગૃતિ અંગે ચોક્કસ સૂચનાઓ નક્કી કરવામાં આવી છે. સુરતમાં જ નહી પણ રાજ્યના ઘણા શહેરોમાં કુતરાઓ કરડવાના બનાવો સતત વધી રહ્યા છે. વિદ્યાર્થીઓ ઘણી વખત પ્રાણીઓ સાથે રમવા જાય છે કે નજીક જાય છે. જોખમ વિશે પૂરતી સમજ ન હોવાને કારણે અકસ્માત બને છે. કરડવા બાદ સારવારમાં વિલંબ થાય તો ચેપ અને ગંભીર પરિણામો આવી શકે. શાળા સ્તરે જાગૃતિ વધારવાથી જોખમ ઓછું થઈ શકે છે.

### ડીઈઓ દ્વારા...

શું કરવું તેની તાલીમ આપી શકાય. નજીકનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કે હોસ્પિટલના સંપર્ક નંબર, ઇમરજન્સી નંબર નોટિસ બોર્ડ પર સ્પષ્ટ રીતે મૂકવા સૂચના આપી છે. કરડવાના કિસ્સામાં તુરંત રિપોર્ટિંગ કરવામાં આવે અને સમયાંતરે જાગૃતિ પ્રવૃતિઓ, વર્ગોમાં માર્ગદર્શન, પોસ્ટર્સ વગેરે દ્વારા સેફ્ટી શિક્ષણ આપવું.

### પૂણાની...

રહેવા માટે આવ્યા હતા. દરમિયાનમાં પેરીસમાં રહેતો તેમનો દિકરો અલ્પેશ સુરત આવ્યો હતો. અને બંનેની આંખ મળતા પરિવારની સંમતિથી લગ્ન કર્યા હતા. લગ્નના ત્રણ દિવસ બાદ જ પતિએ તેના મિત્ર જયને પૈસાની જરૂર હોવાનું કહીને રૂ.1 લાખ લઈ લીધા હતા. બાદમાં બહાના બનાવીની પૈસાની માંગણી કરવાનું શરૂ કરી દીધું હતું.જો મોના પૈસા આપવાનો ઈન્કાર કરે તો અલ્પેશ અને સાસરિયાઓ શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો. બાદમાં અલ્પેશે તેની બહેન યુકે ના લંડન ખાતે નોકરી આપવાનું કહીને સ્પેન્સરશિપના નામે રૂ.8 લાખ પડાવી લીધા હતા.

જ્યારે મોના લંડન જતા થોડા દિવસ બાદ અલ્પેશ પણ ત્યાં ગયો હતો અને મોનાની સેલેરી લઈને ત્રાસ આપતો હતો. તપાસ કરતા અલ્પેશના અગાઉ લગ્ન થયા હતા અને હાલ અન્ય યુવતી સાથે અફેર હોવાનું માલુમ પડ્યુ હતું. જેથી મોનાએ સુરત આવી પુણા પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે મોનાની હકીકત સાંભળી સસરા, સાસુ, નણંદ રીના અને નણદોઈ અતુલ (ભીમરાડ) વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.




**સુરતી મોઢવણિક અવસાન**

અમારા માતૃશ્રી કલાવતીબેન જયંતભાઇ સુખારામવાળા ઉંમર વર્ષ ૯૦ નું દુઃખદ અવસાન તા. ૫/૧૨/૨૦૨૫નાં રોજ થયેલ છે.

સ્વર્ગસ્થની સ્મશાનયાત્રા અમારા નિવાસસ્થાનેથી તા. ૬/૧૨/૨૦૨૫નાં સવારે ૯.૦૦ કલાકે નીકળી કુરૂક્ષેત્ર જહાંગીરપુરા મુકામે લઇ જવામાં આવશે.

સદ્‌ગતના પાથરણાની વિધિ ૬/૧૨/૨૫નાં રોજ સાંજે ૪ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

તમામ લૌકિક રિવાજો બંધ છે

સ્વ. કલાવતીબેન
જયંતભાઇ સુખારામવાળા
સ્વ. તા. ૫/૧૨/૨૦૨૫

લિ. સ્વ. જયંતભાઈ જે. સુખારામવાળા
સ્વ. કીર્તિ સુધીર તમાકુવાળા (પુત્રી)
પ્રિતિ રાજેશ મેવાવાળા (પુત્રી)
દિપા ધર્મેશ તમાકુવાળા (પુત્રી)
પાયલ જયેશ મોદી (પુત્રી)

નિવાસસ્થાનઃ A-૧૦૧, ગ્રીન રેસીડેન્સી, ગંગેશ્વર મહાદેવની સામે, છત્રપતિ શિવાજી માર્ગ, અડાજણ, સુરત.
મો.નં. ૯૩૭૭૫૧૨૦૦૦, ૯૬૨૪૦૦૦૫૭૨


# પારડીની શાળામાંથી રસલ વાઈપર સાપને ‘CPR’ આપી બચાવાયો

**એશિયાના** અતિ ઝેરી 2 રસલ વાઈપર સાપ લાકડાં નીચે દબાયા હતા




પારડીઃ પારડીની એક નામાંકિત સ્કૂલમાં સાપ આવી ચઢતાં શાળા સ્ટાફે જીવદયા ગ્રુપને જાણ કરી હતી. જીવદયા પ્રમુખ અલી અન્સારી સ્થળ પર આવી પહોંચ્યા હતા. જ્યાં લાકડાના પાટિયામાં 2 રસલ વાઈપર હોવાની જાણ થઈ હતી. અલી અન્સારીએ એક રસલ વાઈપરને સહી સલામત રીતે પકડ્યો હતો. જ્યારે અન્ય એક સાપનું મોઢું પાટિયા હટાવતાં સમયે દબાઈ જતાં મૂવમેન્ટ અટકી ગઈ હતી.

બેભાન જેવી હાલતમાં થઈ જતાં અલી અંસારીએ સ્ટ્રોની મદદથી શ્વાસનળીમાં સીપીઆર આપી સાપને હલનચલન કરતાં બચાવી લીધો હતો. રસલ વાઈપર સાપ એ એશિયાનો અતિઝેરી સાપમાંનો એક છે. આ અંગે વન વિભાગને જાણ કરી જંગલમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરી હતી.

# જામનગરમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા ઉપર જૂતું ફેંકાયું

**જૂતું** ફેંકનાર યુવાન છત્રપાલસિંહે પોતે ઈટાલીયા દ્વારા આઠ વર્ષ પહેલા પ્રદીપસિંહ જાડેજા પર ફેંકેલા જૂતાની ઘટનાનો બદલો લીધાની કેફિયત



ગાંધીનગરઃ આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાત જોડો યાત્રા ચાલી રહી છે. આ યાત્રા દરમિયાન આજે જામનગરમાં એક જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં વિસાવદરના આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા સંબોધન કરી રહ્યા હતા, તે દરમિયાન એક વ્યક્તિએ તેમના પર જૂતું હતું. આથી ત્યાં ઉપસ્થિત કાર્યકરો- લોકો દોડી આવી જૂતું ફેકનાર યુવકને પકડી બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો, ત્યારબાદ પોલીસે આ યુવકની અટકાયત કરી હતી.

જામનગરમાં આજે આમ આદમી પાર્ટીની ગુજરાત જોડોયાત્રા અંતર્ગત સાંજે જાહેર સભા યોજાઈ હતી. આ સભામાં આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરી રહ્યા હતા તે દરમિયાન સભાના સ્ટેજની એકદમ નજીક બેઠેલા એક યુવકે ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા પર જુતું ફેંક્યું હતું. આ ઘટનાથી થોડોક સમય માટે અફરાતફરી મચી ગઈ હતી. સ્ટેજ ઉપર બેઠેલા લોકો તથા આપના કાર્યકરોએ જૂતુ ફેંકનાર યુવકને પકડી માર માર્યો હતો.

બાદમાં પોલીસે તેની અટકાયત કરી સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. આ જુતું ફેકનાર યુવકનું નામ છત્રપાલસિંહ હોવાનું અને તે કોંગ્રેસનો કાર્યકર હોવાનું બહાર આવ્યું છે. છત્રપાલસિંહે એવું જણાવ્યું હતું કે, પોતે 2017માં પ્રદિપસિંહ જાડેજા પર ગોપાલ ઈટાલીયા દ્વારા ફેંકાયેલા જુતાની ઘટનાનો બદલો લીધો છે.


**વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી**
**ટેન્ડર જાહેર નિવિદા (ટૂંકી મુદત)**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, ચોમાસુસત્ર દરમ્યાન વરસાદથી નુકશાન પામેલ રસ્તાઓને રીસર્ફેસીંગ કરવાના કામે સને : ૨૦૨૫-૨૬ ના વર્ષમાં વાર્ષિક (રેટ કોન્ટ્રાક્ટ) ઓનલાઈન ટેન્ડરો એજન્સી પાસેથી મંગાવવાના થાય છે. ઈ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ (www.nprocure.com) પર જોવા મળશે. તેમજ ઇ-ટેન્ડર ની વિગત વેબસાઈટ (www.nprocure.com) પરથી તા.૦૬-૧૨-૨૦૨૫ થી જોવા મળશે. ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૧૨-૧૨-૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એડી. થી મોકલવાની છેલ્લી તા.૧૫-૧૨-૨૦૨૫ તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૧૬-૧૨-૨૦૨૫ના રોજ ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે. વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાની રહેશે. જેના કોઈ કારણો જણાવવામા આવશે નહીં. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ તેમજ ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનું રહેશે.

| અ. નં. | કામનું નામ | કામની અંદાજિત રકમ | ટેન્ડર ફી અને બાનાની રકમ અને કોટ્રાકટર શ્રેણી |
|---|---|---|---|
| ૧ | વલસાડ નગરપાલિકા હદમાં વરસાદથી નુકશાન પામેલ રસ્તાઓને રીસર્ફેસીંગ કરવાનું કામ | રૂા. ૭,૦૦,૦૦,૦૦૦/- | રૂા.૧૪,૧૬૦ /- અને રૂા.૭,૦૦,૦૦૦/- ‘A’ ઉપર |

નં. માહિતી/વલસાડ/૬૯૫/૨૦૨૫ — વલસાડ નગરપાલિકા વલસાડ

DGVCL
**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
(સં.અને નિ.) ગ્રામ્ય વિભાગીય કચેરી
કન્ટ્રીક્લબ રિસોર્ટ પ્રથમ માળ, પોસ્ટ- વશિયર, વલસાડ:396007
Email: eevalsadr.dgvcl@gebmail.com
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)
**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, અમારા ૧૧ કેવી ફીડર ઉપર નીચે જણાવેલ તારીખ અને સમયે ૬૬ કેવી બીલીમોરા એસ.એસ. માં અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી બીલીમોરા એસ.એસ. | ૬૬ કેવી બીલીમોરા એસ.એસ. માંથી નીકળતા તમામ ૧૧ કેવી ફીડર. | બીલીમોરા ટાઉન, બીલીમોરા રૂરલ | ૧૯૧૨૩ | ૦૮-૧૨-૨૦૨૫ સોમવાર | ૦૮:૩૦ થી ૧૩:૦૦ |

સમારકામ પૂર્ણ થયેથી કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), દ.ગુ.વી.કં.લિ.,ગ્રામ્ય વિભાગીય કચેરી,વલસાડ,
એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચોઅને વીજ અકસ્માતો ટાળો

**વલસાડ નગરપાલિકા, વલસાડ**
**જાહેર નોટીસ**

વલસાડ વિસ્તાર વિકાસ સત્તામંડળની મંજુર તથા અમલી વિકાસ યોજના-૨૦૩૮ માં સુચિત ફેરફાર બાબતે ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૩૦/૦૯/૨૦૨૫ ના અસાધારણ રાજ્યપત્રના ભાગ ૪-બી ના પાના નં ૫૨૨-૧ અને ૫૨૨-૨માં પ્રસિધ્ધ કરેલ પ્રાથમિક જાહેરનામાં ક્રમાંકઃ GH/V/360 OF 2025/UDUHD/DVP/e-file/18/2025/7250/L દ્વારા જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી બે મહીના સુધીના સમયગાળા માટે વાંધા/સુચનો મંગાવવા જણાવવામાં આવેલ છે. સદર જાહેરનામા તથા તેને સંલગ્ન નકશા જાહેર જનતાની વિજ્ઞપ્તી માટે વલસાડ નગરપાલિકા ખાતે પ્રદર્શિત કરવામાં આવેલ છે. સદર બાબતેના વાંધા/સુચનો વલસાડ વિસ્તાર વિકાસ સત્તામંડળને નિયત સમયમર્યાદામાં નીચે જણાવેલ સરનામે રજુ કરવા નોંધ લેવા આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે.

સહી
ચીફ ઓફિસર
વલસાડ નગર પાલિકા

ન. માહિતી/વલસાડ/૬૯૬/૨૦૨૫

torrent POWER

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે.અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૦૮/૧૨/૨૦૨૫, સોમવાર : અખંડઆનંદ નં.૨ (ડભોલી), સ્કાય હાઇ (વસ્તા દેવડી), સાઇકૃપા એસ્ટેટ નં.૧ (આંજણા)
- ૦૯/૧૨/૨૦૨૫, મંગળવાર : ઝટકાવાડી (એલ.એચ. રોડ), હરિનંદન (વરાછા રોડ), આદમની વાડી
- ૧૦/૧૨/૨૦૨૫, બુધવાર : સ્લમ ક્લીયરન્સ (લિંબાયત), રતનજી નગર (લિંબાયત)
- ૧૧/૧૨/૨૦૨૫, ગુરૂવાર : શિવ દર્શન એપાર્ટ. (ઉમા ભવન), કૃતિ (ભટાર રોડ), એસ.કે.નગર ઈન્ડ. નં.૫ (આંજણા)
- ૧૨/૧૨/૨૦૨૫, શુક્રવાર : વૈભવ (ભટાર રોડ), મયુર (ભટાર રોડ)
- ૧૩/૧૨/૨૦૨૫, શનિવાર : અંકુર વિદ્યા ભવન

અસુવિધા બદલ દિલગીર છીએ

વરિષ્ઠ અને દિવ્યાંગ નાગરિક ઘરે બેઠા અમારી સેવાઓ ઉપલબ્ધ કરી શકશે જે મેળવવા કોલ 19128 / 0261-2551912 / 9099991912 અથવા મેઈલ connect.srt@torrentpower.com કરવા વિનંતી
WhatsApp 8141970070